વડીલોને વંદન અભિનંદન

લતાબેન કનુભાઈ ચોકસી
(૧૯૩૫) ફોનઃ ૨૩૨૨૦૧૬૦

પાલનપુરમાં 'તું છોકરીઓને મેસેજ કેમ કરે છે' તેમ કહી યુવકને ઢીબી નાંખ્યો

પાલનપુર દિલ્લી ગેટ ચોક પાસેના ખાણી પીણી બજારમાં સોડા શરબતનો વેપાર કરતા વેપારીનેતું છોકરીઓને એસ.એમ.એસ. કેમ કરે છે તેમ કહી પાંચ શખ્સોએ વેપારીને ઢીબી નાંખ્યો હતો. શહેરના દિલ્લી ગેટ પાસે ખાણી પીણીનું મોટું બજાર છે. જયાં અજમેરી સોડાના નામે રાજેન્દ્ર તોલારામ સિન્ધી શોડા શરબતનો વેપાર કરે છે ત્યારે બપોરના સમયે પાંચ શખ્સો અચાનક આવી રાજેન્દ્રભાઈને કહેવા લાગ્યા કે તું છોકરીઓને એસએમએસ કેમ કરે છે તેમ કહી તુટી પડયા હતા. ઢોર માર માર્યો હતો. લારી સહિત માલ સામાન વેરવિખેર કરીનાંખી ભાગી ગયા હતા.

આ અંગે રાજેન્દ્રભાઈએ પોલિસ ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી પ્રકાશ ઠાકોર રહે. ગઠામણ ગેટ અને અન્ય પાંચ શખ્સોની શોધખોળ આદરી છે.

બોર્ડની પરીક્ષા માટે ૩૯ કેન્દ્રો વધારવા માટેનો નિર્ણય લેવાયો

ચાલુ વર્ષે ધોરણ-૧૦માં ૨૨ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭ પરીક્ષા કેન્દ્રો ઉમેરવા નિર્ણય લેવામાં આવ્યો

ગાંધીનગર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૩મી માર્ચ-૨૦૧૪થી લેવાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા માટે ૩૯ પરીક્ષા કેન્દ્રોમાં વધારવામાં આવ્યા છે. આ વખતે પરીક્ષાનાં સુચારૂં આયોજન માટે રાજયભરમાં કુલ ૧૨૫૭ જેટલા પરીક્ષા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. ચાલુવર્ષે ધોરણ-૧૦માં ૨૨ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭ મળી કુલ ૩૯ પરીક્ષા કેન્દ્રો વધારવામાં આવ્યા છે. જ્યારે સાયન્સની પરીક્ષામાં ગયા વર્ષ જેટલા જ પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવ્યા છે.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ તેની તડામાર તૈયારીઓ જોર પકડી રહી છે. આ પરીક્ષાનાં સુચારૂં વહીવટ માટે આ વખતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત વર્ષની સરખામણીમાં ૩૯ નવા કેન્દ્રો બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગયા વર્ષે બોર્ડની પરીક્ષા દરમિયાન કુલ ૧૨૧૮ જેટલા મુખ્ય અને પેટા કેન્દ્રો રાખવામાં આવ્યા આવ્યા છે. જેનાથી બોર્ડની પરીક્ષા કેન્દ્રોની સંખ્યામાં ૩૯નો વધારો કરીને ૧૨૫૭ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જેનાથી બોર્ડની પરીક્ષા દરમિયાન વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહેશે. જેથી વર્ગ સુપરવાઈઝર વિદ્યાર્થીઓ ઉપર સારી રીતે નજર રાખી શકશે. સરવાળે પરીક્ષામાં ગેરરીતીનું પ્રમાણ ઘટશે. આ ઉપરાંત અગાઉની પરીક્ષામાં ગેરરીતિ માટે પકડાયેલા કેન્દ્રોમાં પરીક્ષા ન લેવાય તે માટે ખાસ તકેદારી રાખી આવી સ્કુલોને પરીક્ષા કેન્દ્રો ફાળવ્યા ન હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે તેના બદલે નવા પરીક્ષા કેન્દ્રો પર પસંદગી ઉતારી તેમને તક આપવાનું નક્કી કર્યું હતું. મોટાભાગે ગ્રામ્ય વિસ્તારમાં આવેલા પરીક્ષા કેન્દ્રોમાં જ ફેરફાર કરાયો છે. ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષામાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે દૂર ન જવું પડે તે માટે રાજ્યના તમામ તાલુકા મથક પર પરીક્ષા કેન્દ્ર આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. જેના આધારે શિક્ષણ બોર્ડ શક્ય એટલા તમામ તાલુકા મથકોને પરીક્ષા કેન્દ્રો ફાળવવા પ્રયત્ન કર્યો છે.

સિવીલ સર્વિસ પરીક્ષા માટેની વયમર્યાદામાં બે વર્ષનો વધારો

સરકારે સિવિલ સર્વિસની પરીક્ષા આપી રહેલ ઉમેદવારોની વયમર્યાદામાં બે વર્ષનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ પરીક્ષા આપતા ઉમેદવારોને હવે પરીક્ષા કલીયર કરવા માટે બે પ્રયત્ન વધારે આપવાનો નિર્ણય કરાયો છે. આ નવા નિયમો અમલ ચાલુ વર્ષે ઓગસ્ટમાં લેવાનાર સિવિલ સર્વિસની પરીક્ષાથી કરાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ સિવિલ સર્વિસની પરીક્ષા આપી રહેલા લાખો વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે. કારણ કે કેન્દ્ર સરકારે ચાલુ વર્ષે લેવાનાર સિવિલ સર્વિસની પરીક્ષામાં તમામ વર્ગોનાં ઉમેદવારો માટે બે પ્રયત્નો વધારી દીધા છે. આ સાથે જ સરકારે ઉમેદવારોની વયમર્યાદા પણ વધારી દીધી છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ તાજપુર વિભાગીય સાર્વજનિક સ્કૂલમાં તાજેતરમાં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આથી શાળા પરિવારજનોએ પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવી સુંદર કારકિર્દી ઘડવા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આચારસંહિતાના ભંગ બદલ કેજરીવાલની અટકાયત

રાધનપુર ખાતે અટકાયત કરાયા બાદ પ્રાથમિક પુછપરછ પછી છોડી મુકાયા : સરકાર પર કેજરીવાલના તીવ્ર પ્રહાર

અમદાવાદ,તા.૫

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ આજે મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના ગઢમાં પહોંચ્યા હતા. જોકે, અરવિંદ કેજરીવાલની આજે બપોરે રાધનપુરમાં આચારસંહિતાના ભંગ બદલ અટકાયત કરી લેવામાં આવી હતી. કારણ કે, કેજરીવાલે રોડ શો યોજવા માટે પરવાનગી માંગી ન હતી. જોકે, થોડીકવાર બાદ કેજરીવાલને છોડી દેવાયા હતા. અમદાવાદ પહોંચ્યા બાદ કેજરીવાલે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ગુજરાતમાં ખુબ જ ખરાબ સ્થિતિ રહેલી છે. ગુજરાતનો વિકાસ જોવા આવ્યો હોવાની કેજરીવાલે વાત કરી હતી. આવતીકાલે કચ્છમાં, સાતમી માર્ચે રિલાયન્સ સામે જામનગરમાં ધરણા કરશે. ૮મીસ માર્ચના દિવસે અમદાવાદ પરત ફરશે. કેજરીવાલે અટકાયત કરવામાં આવ્યા બાદ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. કેજરીવાલના કાફલાને કાળાવાવટા પણ દેખાડવામાં આવ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, ગુજરાતમાં વિકાસ દેખાતો નથી. દરમિયાનમાં અમદાવાદમાં એએપીના નેતાએ કહ્યું હતું કે, ભાજપે સત્તાનો દુરુપયોગ કર્યો છે. કેજરીવાલ આજે સવારે અમદાવાદ ઉતયા હતા અને હંસલપુર અને બહુચરાજીમાં ખેડૂતોની બેઠકમાં હાજરી આપવા કચ્છ જવા રવાના થયા હતા. તેઓ હંસલપુરથી સામી ગયા હતા ત્યારબાદ રાધનપુર પહોંચ્યા હતા. જ્યાં તેમની અટકાયત કરવામાં આવી હતી. હંસલપુર અને આસપાસના ખેડૂતો મારુતિ પ્લાન્ટ માટેની જમીન આપવાની રાજ્ય સરકારની હિલચાલનો વિરોધ કરી રહ્યા હતા.

પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, આચારસંહિતા મુજબ કોઈપણ બેઠક અથવા રોડ શો યોજવા માટે હવે રાજકીય પક્ષોએ કલેક્ટોરેટ અથવા પોલીસની પરવાનગી લેવી પડે છે પરંતુ આમ આદમી પાર્ટીના ગુજરાત એકમે રોડ શો માટે કોઈ પરવાનગી લીધી ન હતી. જોકે, સ્થાનિક એએપીના નેતા મિડિયા સંયોજક એચ નાયકે કહ્યું હતું કે, ભાજપ તરફથી આ કામગીરી કરવામાં આવી હતી. ભાજપે સરકારી વ્યવસ્થાનો દુરુપયોગ કર્યો છે. ગામોમાં સામાન્ય લોકો તરફથી કેજરીવાલને જે ટેકો મળી રહ્યો છે તેનાથી ભાજપના રાજ્ય એકમમાં ચિંતા દેખાઈ રહી છે. ભાજપે પોલીસનો દુરુપયોગ કર્યો છે અને કાર્યક્રમમાં ખલેલ પહોંચાડી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સવારથી જ મિડિયાને પણ ધમકી ઉચ્ચારવામાં આવી રહી હતી. કાર્યક્રમોનું પ્રસારણ ન કરવા કહેવામાં આવ્યું હતું.

પાલનપુર શહેરના દિલ્હીગેટ નજીક લાયબ્રહેરીના ખૂણા પર સ્વામી વિવેકાનંદ પ્રતિમા પાસે છેલ્લા ઘણા સમયથી પગના પગરખાને સાંધી બુટ પોલીશ કરી રોજીરોટી કમાતા જયંતિભાઈ સોમાભાઈ પરમારનું રોટરી કલબ ઓફ પાલનપુર દ્વારા વોકેશનલ એવોર્ડ આપી સન્માન કર્યુ હતુ. આથી જયંતિભાઈના પરિવારજનો અને તેમના જેવા અને પરિવારમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. સમારંભમાં પાલનપુરના ધારાસભ્ય અને રોટરી કલબના મહેશભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ભારતીય કિસાન સંઘ ખેડબ્રહ્મા તાલુકા દ્વારા ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન અંગે પ્રાંત ઓફિસ, ટી.ડી.ઓ. કચેરી, મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન વગેરે કચેરીમાં ફરીને પ્રમુખ વક્તાભાઈ, મંત્રી દિનેશભાઈ નારાભાઈ સહિતના સદસ્યો દ્વારા 'જન જન કી પુકાર હૈ' ભ્રષ્ટાચાર પર કરો પ્રહાર તેમજ 'ગાંવ ગાંવ મે નારા હૈ ભ્રષ્ટાચાર ભગાના હૈ'ના નારા સાથે કાર્યકરોએ ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન ચલાવી લોકોને જાગૃતિ કરવા હાંકલ કરી હતી. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, ખેડબ્રહ્મા)

કાર પર હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધી ઔરંગાબાદમાં છે પરંતુ તેમને રોકવામાં આવી રહ્યા નથી. આ રેલી પહેલાથી જ નક્કી કરવામાં આવી હતી. બીજી બાજુ લખનૌમાં એએપી અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ અથડામણમાં કેટલાક લોકો ઘાયલ થયા હતા. બીજી બાજુ ગુજરાતમાં કચ્છ જિલ્લામાં ખારી ગામમાં હિંસક અથડામણ થઈ હતી. કેજરીવાલની કાર ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. તેમની ગાડીના કાચ તોડી દેવામાં આવ્યા હતા. મોદી ભયભીત થિ ગયા હોવાનો આક્ષેપ કેજરીવાલે કર્યો હતો. કેજરીવાલે ખેડૂત વિરોધી હોવાનો મોદી ઉપર આક્ષેપ કર્યો હતો. ગુજરાતના વિકાસદાવાના ભાગરુપે કેજરીવાલની ચાર દિવસની યાત્રા આજે શરૂ થઈ હતી. તેમના કાફલાને રોકવામાં આવ્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, સામાન્ય લોકો આ પ્રકારે હુમલો કરી શકે નહીં. ચોક્કસ લોકોએ આ હુમલો કર્યો છે. બીજી બાજુ નારાજ લોકોનું કહેવું છે કે, નર્મદા બચાવ આંદોલનના નેતા મેધા પાટકરની કેજરીવાલ દ્વારા પસંદગી કરાતા આ હોબાળો થયો છે.

સોશ્યલ મીડિયાનો ઉપયોગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે પંચની પૂર્વ મંજૂરી લેવી આવશ્યક છે. આ માટે પંચે ખાસ ટીમો પણ જિલ્લા અને રાજયકક્ષાએ બનાવી છે. તેમણે જણાવ્યું હતું કે આદર્શ આચાર સંહિતાના અમલને લઈ તમામને જરુરી સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે. આગામી ૭૨ કલાકમાં બધા જ હોર્ડિંગ્સ અને બેનરો દૂર કરી દેવામાં આવશે તે અંગે પણ જરુરી સૂચનાઓ અપાઈ છે.

સુશ્રી કરવાલે જણાવ્યું હતું કે મતદારોની જાગૃતિ માટે પંચે પહેલીવાર જયાં ઓછું મતદાન થયું છે તેવા વિસ્તારોને શોધી કાઢી તેના ૧૦ ટકા મતદાન કેન્દ્રો પર મતદાર જાગૃતિનું વિશેષ અભિયાન છેડવાનો પણ નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ મતદાન મથકોને અલગ તારવવાની કાર્યવાહી હાલ ગતિમાં છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં ૨૦ થી ૨૨ ટકા મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ કેટેગરીમાં આવે છે. તેનો ચોકકસ આંકડો આપવો શકય નહિ હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે મતદાન મથકોની સંવેદનશીલતા નિયત કરવા માટેના માપદંડ પંચે નિયત કર્યા છે અને તેમાં સતત ચડાવ-ઉતાર થતો હોય છે.

સુશ્રી કરવાલે જણાવ્યું હતું કે રાજયમાં શાંતિપૂર્ણ નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય તે માટે પંચ કટિબધ્ધ છે.

હોર્ડીંગ્સ હટાવાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ હોર્ડીંગ્સ દૂર કરી દેવાયા છે. દિવસ દરમિયાન ૧૩૦ જેટલા હોર્ડીંગ્સ હટાવી લેવાયા છે. આ દરમિયાન અન્ય જાહેરાત દર્શાવતા પણ નાના-મોટા હોર્ડીંગ્સ દૂર કરાયા છે. આવતીકાલે પણ હોર્ડીંગ્સ દૂર કરવા તંત્રની ટીમ કામે લાગશે. સેકટરોમાં રાઉન્ડ દરમિયાન હોર્ડીંગ્સ ઉભા કરાયેલા માલુમ પડશે તો તાત્કાલિક દૂર કરવાના પગલા લેવાશે. ગુજરાતમાં લોકસભાની ચુંટણી સાથે વિધાનસભાની સાત પેટા ચુંટણી પણ યોજવામાં આવનાર છે. જયારે ચુંટણી જાહેર થયા બાદ આચાર સંહીતાના કડક અમલ માટે પણ તંત્ર સજજ બન્યું છે.

૩.૯૮ કરોડ મતદારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૧,૦૦,૪૧,૩૭૬ છે. ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૧,૦૧,૦૨,૨૧૪ છે. ૪૦ થી ૪૯ વર્ષની આયુ ધરાવતા ૭૦ લાખ, ૫૦ થી ૫૯ વય જૂથના ૫૫ લાખ અને ૮૦થી ઉપરની વય ધરાવતા ૫ લાખથી વધુ મતદારો છે.

છે. આજે અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પછી ૫૦ હજાર જેટલા વધુ નવા મતદારો ઉમેરાયા છે.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા પોલીસ વડા શ્રી શરદસિંઘલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાન, અધિક જિલ્લા કલેક્ટર ડૉ. મોડિયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યાદી ફોટાવાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદર્શ આચાર સંહિતાની અમલ માટે છ જેટલી ટીમો બનાવવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેર માટે એક અલાયદી ટીમ રહેશે જ્યારે પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે પાંચ અલગ અલગ ટીમો છે. આદર્શ આચારસંહિતાના અમલ માટે નોડેલ ઓફિસર તરીકે ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીમતિ જયશ્રી દેવાંગનની નિયુક્તી કરવામાં આવી છે.

ડૉ. સ્વરૂપે જણાવ્યુ હતુ કે જિલ્લામાં પાંચ મોડેલ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જેમાં નાંદોલ કુમાર શાળા દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં, ગાંધીનગર(દ)માં રાંદેસણની પ્રાથમિક શાળા, ગાંધીનગર(ઉ)માં સે. ૭ની સરકારી પ્રા. શાળામાં, માણસામાં સરકારી પ્રા. શાળા બોરૂ અને કલોલમાં પ્રકાશ હાઈસ્કૂલમાં આ મતદાન મથકો બનશે. તેમણે જણાવ્યુ હતુ કે મોડેલ મતદાન મથકના કર્મચારીઓ માટે ડ્રેસ કોડ સહિતની બાબત હાલ વિચારાધીન છે.

ડૉ. સ્વરૂપે જણાવ્યુ હતુ કે સ્ટેટીક સર્વેલન્સની કામગીરી ૨ એપ્રિલથી શરૂ થશે જ્યારે ફ્લાઈંગ સ્કવોડ કાલથી કાર્યરત થઈ જશે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ચૂંટણી વિષયક મંજૂરી માટે તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી બનાવવામાં આવશે. આ માટેના અધિકારીઓની પણ નિયુક્તી કરી દેવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે આદર્શ આચારસંહિતાના અમલ માટે આજથી તંત્રની કામગીરી શરૂ થઈ

૩૦મી એપ્રીલે મતદાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેનિસના ખેલાડી અંકિતા રૈનાની નિયુકતી કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી ૨૦૧૪માં ગુજરાત રાજયમાં ૩.૯૮ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. રાજયમાં આ ચૂંટણી માટે ૪૫૩૧૩ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ એક મોડેલ મતદાન મથક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચૂંટણીમાં પહેલીવાર 'ઉપરના પૈકી કોઈ નહિ' ના વિકલ્પ અંગેના બટનનો ઈ.વી.એમ.માં ઉમેરો કરવામાં આવ્યો છે.

આ ચૂંટણી માટે ઉમેદવાર દીઠ રૂ. ૭૦ લાખના ખર્ચની મર્યાદા નિયત કરતા હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. ઉમેદવારી કરનારે ઉમેદવારી વખતે એક રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે અને તેના પેમેન્ટ ચેકથી કરવાના રહેશે. તેમણે જણાવ્યું હતું કે રાજયમાં આ ચૂંટણીની જાહેરાત સાથે જ મોડલ કોડ ઓફ કન્ડકટનો અમલ શરૂ થઈ જાય છે. આ માટેના અમલીકરણ માટેની સૂચનાઓ તમામ કલેકટરોને આપી દેવામાં આવી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે ખર્ચ નિયંત્રણ વ્યવસ્થાપક અંતર્ગત જુદી જુદી ટીમો આજથી જ કાર્યરત કરી દેવામાં આવશે. આ માટે ૬ જેટલી ટીમો બનાવવામાં આવી છે. જેમાં ફલાઈંગ સ્કવોડ, સ્થાયી સર્વેલન્સ ટીમ, વિડીયો નિરીક્ષણ ટીમ, વિડીયો દેખરેખ ટીમ, મિડિયા ખર્ચ નિયંત્રણ ટીમનો સમાવેશ થાય છે.

સુશ્રી કરવાલે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી પ્રચારની સામગ્રી સહિત અને ચૂંટણી લડતા ઉમેદવાર કે રાજકીય પક્ષ અથવા પક્ષના કાર્યકર સાથે સંબંધિત હોય તેવા વાહન સાથે રૂ. ૫૦ હજારથી વધુ રોકડ અથવા રૂ. દસ હજારથી વધુ મૂલ્યની ભેટ પકડાશે તો ચૂંટણી પંચે નિયત કરેલ કાર્ય પધ્ધતિ મુજબ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરાશે. દરેક જિલ્લામાં ચૂંટણીને લગતો એક કંટ્રોલરૂમ પણ આજથી કાર્યરત કરી દેવામાં આવશે.આ ઉપરાંત એક ટોલ ફ્રી હેલ્પ લાઈન પણ નં. ૧૯૫૦ પર ફોન કરી ચૂંટણી વિષયક માર્ગદર્શન મેળવી શકશે અને ફરિયાદ પણ કરી શકશે. તેમણે જણાવ્યું હતું કે પંચે ચાર નોડેલ ઓફિસરોની પણ નિમણુંક કરી દીધી છે.

બહુમતી મેળવશે..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે એક સમયે કોંગ્રેસના હાથમાં ગરીબીનો મુદ્દો હતો. ગરીબો હવે કોંગ્રેસ સાથે રહ્યા નથી ભાજપ સાથે આવી જતાં ગરીબીનો મુદ્દો જતો રહ્યો છે. પછાત વર્ગો પણ કોંગ્રેસનો સાથ છોડી ભાજપ સાથે આવ્યા છે. આ કારણોથી કોંગ્રેસ ગભરાઈ ગઈ છે. કોંગ્રેસના આ તમામ પ્લાનો નિષ્ફળ ગયા છે. કોંગ્રેસ પાસે હવે લડવાની કોઈ તાકાત નથી એટલે કોંગ્રેસ થર્ડ ફ્રન્ટ અને આમ આદમી પાર્ટીને આગળ કરી ભાજપ-મોદીને રોકવાનો પ્લાન છે.

તેમણે જણાવ્યું હતું કે જયારે કેન્દ્રમાં અટલબિહારી બાજપાઈની સરકાર હતી ત્યારે વિકાસ દર ૪ ટકાથી ૮ ટકા સુધી લઈ જવામાં આવ્યો હતો પરંતુ કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર આવ્યા બાદ તેના કુશાનને કારણે વિકાસ દર ૮ ટકાથી ઘટીને ૪.૮ ટકા પર આવી જવા પામ્યો છે.

કેજરીવાલ સંદર્ભે પુછવામાં આવેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે મેધા પાટકરે નર્મદાના મામલે એક પીટીશન ફાઈલ કરી છે જેના કારણે કામ અટકયું છે. મેધા પાટકર આમ આદમીની પાર્ટીમાંથી ચૂંટણી લડનારી છે ત્યારે આમ આદમી પાર્ટી પીટીશન પાછી ખેંચે પછી પ્રચાર કરે.

બનાસકાંઠા બેઠકની ચૂંટણી માટે જિલ્લા કલેકટરે માહિતી આપી

પાલનપુર, તા.૫

આગામી ૩૦મી એપ્રિલે કલેકટરે વધુમાં જણાવ્યું હતું કે બનાસકાંઠા સસંદીય મત વિસ્તારમાં

યોજાનાર બનાસકાંઠા સંસદીય ચૂંટણી અંગે આજે બનાસકાંઠા કલેકટરે માહિતી આપી હતી. જેમાં ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય અને નામ નોંધાવી નથી શકયા તેવા મતદારો માટે આગામી ૯મી માર્ચ તમામ બુથ ઉપર ફોર્મ સાથે અધિકારીઓ હાજર રહેશે. જયાં નામ નોંધાવી શકાશે તેમ કલેક્ટરે જણાવ્યું હતું. આગામી ૮મી માર્ચ વિશ્વ મહિલા દિને મહિલા મતદારો વધુને વધુ મતદાન કરે તે દિશામાં વહીવટી તંત્ર દ્વારા પ્રયાસ કરશે. હોળીના તહેવારના દિવસે ચૂંટણી ના દુષણોની હોળી થાય તેવા કાર્યક્રમોને પણ પ્રોત્સાહીત કરવામાં આવશે.

આવતા સાત વિધાનસભા ક્ષેત્રોમાં તમામ વિધાનસભા ક્ષેત્રમાંથી એવા ૨૦ બુથોની તારવણી કરવામાં આવશે જયાં ઓછું મતદાન થયું છે. સાતેય વિધાનસભાના ૧૪૦ બુથોમાં જિલ્લા કલેકટર જિલ્લા પોલીસ વડા અને અન્ય અધિકારીઓ રૂબરૂ જઈ ઓછા મતદાનનું કારણ જાણી તેનું નિવારણ કરી વધુ મતદાન થાય તેવા પ્રયાસો હાથ ધરશે. આદર્શ આચાર સંહીતાના અમલીકરણ પરત્વે ફરિયાદ સંબંધી ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૨૭૪૨ છે. જેની પર આચાર સંહિતાની ઉલ્લંઘનની ફરિયાદ લખાવી શકાશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

ટેન્ડર નોટીસ નં.-૬૨ /૨૦૧૩-૧૪

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, અર્બન સેલ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર (આઈડી નં. - ૧૪૩૩૫૦) ખેડા જીલ્લાના ચકલાસી શહેરની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસ.ટી.પી.)ના કામોના ટેન્ડરો અંદાજીત કિંમત રૂ. ૫૮૨.૭૨ લાખ માટે ઓનલાઈન માંગવામાં આવેલ છે. તા. ૪/૩/૨૦૧૪ પછી ટેન્ડરો ડાઉનલોડ કરી શકાશે. પરંતુ ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૪/૪/૨૦૧૪, ૧૮-૦૦ કલાક સુધી છે. પ્રી-બીડ કોન્ફરન્સની તા. ૧૧/૩/૨૦૧૪, ૧૫-૦૦ કલાકે રાખેલ છે. વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
http://www.nprocure.com & http://www.gwssb.org

માહિતી/૨૮૭૬/૧૩-૧૪

જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૩-૧૪

અભ્યાસ પ્રવાસ માટે વાહનો પુરુ પાડવા બાબત

માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર હસ્તકની મુખ્ય ઈજનેર અને નિયામકશ્રીની કચેરી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫ ફવારા (પ્રેરણા સર્કલ) પાસે, સેકટર-૧૭, ગાંધીનગરની કચેરીમાં અભ્યાસ પ્રવાસ અને કચેરી કામ માટે આ ભાવો (૧) મીની બસ ૨ X ૨ - ૨૯ સીટ (૨) લકઝરી બેસ ૨ X ૨ - ૪૦ થી ૪૫ સીટ (૩) લકઝરી બસ ૩ X ૨ - ૫૦ થી ૫૫ સીટ ૨૦૦૮ પછીનું મોડલ (૪) ઈનોવા (૫) તવેરા (૬) કાર એ.સી. અને નોન એ.સી.ના ૧ થી ૬ આઈટમના અલગ-અલગ ભાવો તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે. વાહનો ભાડે મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત ટ્રાવેલ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી.થી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઈચ્છા ધરાવતી ટ્રાવેલ એજન્સીઓએ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર દર્શાવેલ વિગતવાર નિવિદા તથા શરતો ધ્યાને લેવા વિનંતી છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં તા. ૨૦/૩/૨૦૧૪ના રોજ બપોરે ૪.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે.

કાર્યપાલક ઈજનેર (સી)
સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર

માહિતી/૨૮૮૮/૧૩-૧૪

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ

જાહેર નિવિદા નં. ૧૪/૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮) તરફથી ૩ (ત્રણ) કામે માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. સદરહુ કામ માટે ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન ખાતાની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા https://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

૧.	ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ	તા. ૨૭/૩/૨૦૧૪ સમય : ૧૮-૦૦ કલાક
૨.	ટેન્ડર ફી તથા બાનાની રકમ તથા ડોકયુમેન્ટ રજૂ કરવાની તારીખ	૩/૪/૨૦૧૪
૩.	બીડ ઓપનીંગ ઓન લાઈન	૨૮/૩/૨૦૧૪

માહિતી/૨૮૬૧/૧૩-૧૪

ગુજરાત મેરીટાઈમ બોર્ડ

જાહેર નિવિદા વર્ષ : ૨૦૧૩-૧૪

ચેરમેનશ્રી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ વતી ચીફ જનરલ મેનેજર, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર-૧૦એ, છ રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર - ૩૮૨૦૧૦ "Port Operation Management System (POMS) for Project IPMS" ના ચાર વર્ષના મરામત સહિતના સંગઠિત કામના સંદર્ભમાં સંબંધિત અગ્રણી, નામાંકિત, વ્યવસાયિક અને અનુભવી કંપનીઓ પાસેથી 'ઓનલાઈન ટેન્ડર' માટે આમંત્રણ પાઠવે છે.

ટેન્ડર